**ડાયટનો લેબ એરિયા : :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માટે માર્ગદર્શક સૂચનાઓની પુસ્તિકા અનુસાર દરેક તાલીમ ભવને પોતાનો એક પ્રયોગશાળા વિસ્તાર (લેબ એરિયા) પસંદ કરવાનો રહે છે. જે અન્વયે તાલીમ ભવન, અમદાવાદ ગ્રામ્ય દ્વારા આ વર્ષે માટે નળકાંઠાનો વિસ્તાર પસંદ કરવામાં આવશે. જેમાં સાણંદ અને બાવળા તાલુકાના અમુક ગામડાઓનો સમાવેશ થાય છે.

પ્રયોગશાળા વિસ્તાર પસંદ કરવા પાછળનો હેતુ જિલ્લામાં આવેલ પછાત વિસ્તારોમાં મહિલાઓ, લઘુમતીઓ, વિકલાંગ વ્યક્તિઓ અને ગંદી વસાહતોમાં રહેતા લોકોની શૈક્ષણિક પરિસ્થિતિ અંગે જાણકારી પ્રાપ્ત કરી તેમના માટે શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરી તેમને શિક્ષણ પ્રત્યે અભિમુખ કરવામાં આવશે. તે ઉપરાંત આવા વિસ્તારમાં આવેલ શાળાઓની શૈક્ષણિક પરિસ્થિતિ અને શિક્ષણ અસરકર્તા પરિબળો અંગેની માહિતી પ્રાપ્ત કરી. ત્યાંના શિક્ષણનું સ્તર સુધારવા અને ઉંચું લાવા માટે પ્રયત્ન કરવામાં આવશે. નળકાંઠા વિસ્તારમાં કુલ 24 શાળાઓનો સમાવેશ થાય છે. ભવનના લેકચરર્સને મોનીટરીંગ ઓફિસર તરીકે આ શાળાઓ ફાળવી દેવામાં આવેલ છે.